# Chapter-20
# સરદાર પટેલના જીવનમાં નિહિત રાષ્ટ્રીય કર્તવ્યબોધ- એક અભ્યાસ

Devang A. Raval
*JRF, DGLL, SLL&CS*
Central University of Gujarat, Kundela, Vadodara, Gujarat.

**સાર :**

પ્રસ્તુત સંશોધન લેખ ભારતનાં દેશી રજવાડાઓને એકત્ર કરીને, અખંડ રાષ્ટ્ર બનવવામાં ખુબ જ મહત્વપૂર્ણ પ્રદાન કરનારાં સરદાર વલ્લભભાઈ પટેલનાં જીવનમાં નિહિત રાષ્ટ્રીય કર્તવ્યનિષ્ઠાનો અભ્યાસ કરે છે. આ અભ્યાસનો હેતુ તેમની રાષ્ટ્રીય ફરજ પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્રની અખંડીતતા માટે તેમણે આચરણમાં મૂકેલાં દરેક કાર્યોમાંથી બોધપાઠ પ્રાપ્ત થાય છે. તેઓ ભારતના દરેક નાગરિક માટે આદર્શ રાષ્ટ્રીય કર્તવ્યબોધનો નમુનો પૂરો પડે છે. આ સંશોધન પત્ર તેમનાં જીવનમાં મહત્વનાં આંદોલનો તથા તેમનાં નિર્ણયો અને વિચારોનો તલસ્પર્શી અભ્યાસ કરીને પ્રાપ્ત થતાં રાષ્ટ્રીય કર્તવ્યબોધને કેન્દ્રસ્થ સ્થાને રાખીને સમગ્ર ઉપક્રમ હાથ ધરવામાં આવેલો છે. આ સંશોધન બહુવિધ અભિગમ આધારિત છે, આ ઉપક્રમમાં તેમનું પ્રાપ્ત આત્મકથા સાહિત્ય, પ્રવચનો, લખાણો વગેરેને પ્રાથમિક અને દ્વિતીય સ્ત્રોત તરીકે ઉપયોગ કરવામાં આવેલો છે. આ સંશોધન લેખમાં સામાન્ય માણસ થી લઈને તેમની ભારત દેશના ઉપપ્રધાન મંત્રી બનવાં સુધીની મુસાફરીનાં મુખ્ય ઘટનાઓ દરમ્યાન પ્રાપ્ત કર્તવ્યબોધને આલેખવાનો પ્રયાસ કરેલો છે, જે અપૂર્વ છે અને આ સમગ્ર સંશોધન લેખને વિશિષ્ટ પણ બનાવે છે. આપણને સૌને વિદિત છે કે સરદાર વલ્લભભાઈ પટેલની સંપૂર્ણ નિષ્ઠા ભારતની એકતા અને અખંડીતતા સ્થાપિત કરવામાં રહી છે, તેઓ અડગ, નિષ્ઠાવાન, પ્રમાણિક હતાં. રાષ્ટ્ર પ્રત્યેની તેમની સમર્પિતતાનાં દર્શન આપણને ગુજરાત સત્યાગ્રહ, ભારત છોડો આંદોલન, કેબીનેટ મિશન તથા વિભાજન આ દરેક વખતે થાય છે. આ સંશોધન પત્ર દ્વારા આપણને સરદાર પટેલના જીવનનાં મહત્વનાં બનાવો અને તેમાં તેમની કુનેહ ની સમજણ પ્રાપ્ત થશે. આ ઉપરાંત


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

આપણે એ સમજી શકીશું કે રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા વાસ્તવમાં કેવી અને કેટલી મજબૂત હોવી જોઈએ. રાષ્ટ્રીય કર્તવ્યબોધની શિક્ષાએ દેશના વિકાસ માટે દરેક નાગરિક પ્રાપ્ત કરે અને તે મુજબ વર્તન કરે એ ખુબ જ જરૂરી છે. સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ રજવાડાઓને એકત્ર કરવાનું અસામાન્ય કાર્ય ખુબ જ સરળતાથી કર્યું તેમાં તેમનો કર્તવ્યબોધ અને દેશપ્રેમ આપણને ઉડીને આંખે વળગે છે. દેશના દરેક નાગરિક માટે સરદાર વલ્લભ ભાઈ પટેલના જીવનમાંથી શીખવા જેવું ઘણું બધું છે. સરદારના જીવનમાં નિહિત રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાનો અભ્યાસ કરવો એ જ આ સંશોધન લેખનો મુખ્ય હેતુ છે.

**ચાવીરૂપ શબ્દો :** સરદાર પટેલ, રાષ્ટ્રીય કર્તવ્ય બોધ, એકતા, અખંડિતતા

પ્રસ્તુત સંશોધન લેખમાં મુખ્ય બે વાતને સમાવવામાં આવેલી છે, સરદાર પટેલનું જીવન અને તેમાં નિહિત રાષ્ટ્રીય કર્તવ્ય બોધ. સરદાર પટેલનો જન્મ ગુજરાતના નડીઆદમાં થયેલો. તેમનાં માતાનું નામ લાડબા અને પિતાશ્રીનું નામ ઝવેરભાઈ હતું. તેઓને કુલ છ સંતાન હતા, તેમાં સરદાર વલ્લભભાઈ ચોથું સંતાન હતા. ગુજરાતમાં તેઓ જન્મ્યા તે પ્રદેશ ચરોતર તરીકે ઓળખાતો હતો, આ ઉપરાંત વન્ય સમૃદ્ધિ માટે પણ જાણીતો પ્રદેશ હતો. તેમને બાળપણથી જ મુલ્યોના આગ્રહી એવાં પિતા અને મોટા કાકા દ્વારા જીવન મૂલ્યોનું શિક્ષણ મળતું રહ્યું હતું. તેમનાં પ્રાથમિક શિક્ષણ દરમ્યાનની ઘટનાઓ એ પણ તેમનાં જીવન ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. કહેવાય છે ને કે નાનપણમાં પડેલી છાપ સમગ્ર જીવન દરમ્યાન ચિત્તવૃત્તિમાં રહેતી હોય છે. તેઓ મેટ્રિક સુધી નડીઆદ અને ત્યારબાદ અભ્યાસ અર્થે મુંબઈ પણ ગયા હતા. ગોધરા પાસે આવેલાં ધૂળિયા ગામે ત્રણ વરસ તેમને વકીલાત પણ કરેલી. પોતાની મહેનતથી ભેગી કરેલી મુડીથી તેમને વિદેશ જવાનું હતું તેની જગ્યાએ પોતાના ભાઈને વિદેશ મોકલી આપે છે. એક મહત્વની ઘટના એવી પણ બની હતી કે, અદાલતમાં ચાલુ કેસે તેમની પત્નીના અવસાનના સમાચાર આવે છે તેમ છત્તા તેઓ મગજ ઉપર કાબુ રાખીને કાર્યવાહી શરૂ રાખે છે અને કેસ પણ જીતે છે. સ્વપ્ન પ્રમાણે વધુ અભ્યાસ અર્થે તેઓ ઈંગ્લેંડ પહોંચ્યા. કરમસદનો ખેડુપુત્ર ઈંગ્લેંડ જઈ ડીગ્રી પ્રાપ્ત કરે છે. ત્યાંથી તેઓ અમદાવાદ આવીને વકીલાતનો

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

વ્યવસાય પુનઃ શરુ કરે છે. આ અરસા દરમ્યાન તેમનાં પુત્રી અને પુત્ર મુંબઈ જ વસવાટ કરે છે. મહાત્મા ગાંધીના વિચારોથી સરદાર ગુજરાત સભામાં પ્રભાવિત થયાં હતા. ગુજરાત સભાએ બોલાવેલી સભામાં બંને વચ્ચે મુલાકાત થઇ હતી. તેમની ચંપારણ સત્યાગ્રહ અને વેઠ પ્રથા સામે ઝુંબેશ ખુબ જ મહત્વની છે.અસહકારના આંદોલનમાં તેમની ભૂમિકા ખુબ જ મહત્વની રહી હતી. બોરસદ અને બારડોલી સત્યાગ્રહમાં સફળ નેતૃત્વ કર્યું હતું. સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ ગૃહપ્રધાન બન્યાં હતા. ૫૬૨ રજવાડાઓનું અખંડ ભારતમાં વિલીનીકરણ તેમની સૌથી અગત્યની દેશ સેવા છે. આ ઉપરાંત પણ સરદારે જીવનમાં દેશ માટે અગત્યના બલિદાનો આપ્યાં છે, તેમને પ્રાપ્ત મરણોત્તર 'ભારત રત્ન' તેની સાક્ષી પૂરે છે. આ વાત થઇ સરદારના જીવનની. આ સંશોધન પત્રમાં બીજો મહત્વનો ભાગ છે. રાષ્ટ્રીય કર્તવ્યબોધ, આ વાક્ય બે શબ્દ ભેગાં થઈને બનેલું છે. રાષ્ટ્રીય અને કર્તવ્યબોધ. રાષ્ટ્રીય નો સામાન્ય શબ્દમાં અર્થ જોઈએ તો રાષ્ટ્રની પ્રજાને લગતું, રાષ્ટ્રના દરેક નાગરિક માટેની વાત આ શબ્દમાં કરવામાં આવેલી છે. જયારે કર્તવ્યબોધ શબ્દ એ વ્યક્તિની નૈતિકતા સાથે સંબંધ ધરાવે છે. કર્તવ્ય એ વ્યક્તિનો આંતરિક ગુણ છે, વ્યક્તિ જાતે જ શું કરવું જોઈએ,શું ન કરવું જોઈએ વગેરે ઈચ્છાને આપણે સામાન્ય શબ્દોમાં કર્તવ્ય કહી શકીએ છીએ. કર્તવ્યબોધ રાષ્ટ્ર માટે ખુબ જ અગત્યનો છે. દેશના વિકાસ માટે દરેક નાગરિકે કર્તવ્યશીલ બનવું જરૂરી છે. દરેક વ્યક્તિ સમાજનો અભિન્ન અંગ છે. સમાજનો એક હિસ્સો પણ સારો બનશે તો તેની સુવાસ સમસ્ત ભાગમાં ફેલાશે. કર્તવ્યબોધ રાષ્ટ્રના વિકાસમાં કરોડરજ્જુ સમાન છે. એક વ્યવહારિક ઉદાહરણ જોઈએ તો, સામાન્ય રીતે આપણે વાતો કરતા હોઈએ છીએ કે વિદેશમાં તો જુઓ આપણને કેટલાં સ્વચ્છ રસ્તાઓ જોવાં મળે છે, આપણે આ બાબતની કાળજી રાખતાં નથી. આ વસ્તુ એ તરફ નિર્દેશ કરે છે કે આપણામાં કર્તવ્ય બોધ ઓછો છે કે છે જ નહિ. સરદાર પટેલના જીવનમાં મહત્વના પ્રસંગોમાં તેઓએ જે રીતે નિર્ણયો લીધાં, તેનું વિશ્લેષણ કરતાં જણાય છે કે તેમનામાં રાષ્ટ્રીય કર્તવ્યબોધની ભાવના ઉચ્ચ હતી.

સરદાર પટેલના જીવનની મહત્વની ઘટનાઓ ઉપરથી આપણને રાષ્ટ્રીય કર્તવ્યબોધ વિશેનો ખ્યાલ પ્રાપ્ત થાય છે. સરદાર વલ્લભભાઈ પટેલનું સમગ્ર જીવન


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

આપણા માટે બોધપાઠ છે. તેમ છ્ત્તા કેટલીક ઘટનાઓ એવી છે જે માંથી આપણને રાષ્ટ્રીય કર્તવ્ય બોધની પ્રાપ્તિ થાય છે તે અહીં સમાવેશી બનાવી છે. તેમનાં જીવનમાં નાનપણથી જ કૌટુંબિક પ્રભાવો પડેલા, જે પ્રમાણે " મોટા કાકાનો દાખલો લઈને વલ્લભભાઈ પણ મહિનામાં બે અપવાસ કરતા અને તે વખતે પાણી પણ પીતા નહી."[1] વલ્લભભાઈ એ શિક્ષણકાળ દરમ્યાન થી જ કડક સ્વભાવનો પરિચય આપી દીધો હતો. અન્ય એક પ્રસંગમાં તેમની કર્તવ્યનિષ્ઠાના સુપેરે આપણને દર્શન થાય છે. "વલ્લભભાઈએ દસ હજાર રૂપિયાની મૂડી એકઠી કરી હતી અને તેટલાથી બેરિસ્ટરી મળી જાય તેમ હતું [...] મોટા ભાઈએ કહ્યું કે, "હું તારા કરતાં મોટો છું તેથી મને ઈંગ્લેંડ પહેલાં જવા દે. મારા આવ્યા પછી તું જઈ શકશે. પણ તારા પછી મારાથી ઈંગ્લેંડ જવાશે નહી."[2]મોટાભાઈ ઈંગ્લેંડ ગયા પછી નિયમિત રીતે પૈસા મોકલતાં અને સરદાર ભેગાં કરતાં, વિદેશ જવાની આશા તેમણે છોડી ન હતી. આણંદની અદાલતમાં એક કેસ ચાલુ હતો. સરદાર વલ્લભભાઈ પટેલ ખુબ જ જબરદસ્ત રીતે દલીલો કરી રહ્યાં હતા. તેમને બપોરે તાર આવ્યો. વાંચીને તેમને ગળી વાળીને ખિસ્સામાં મૂકી દીધો. તેમની આરોપી સાથેની પ્રશ્નોત્તરી ચાલુ જ રહી. અંતે તેઓ કેસ જીતી ગયા, પછી તેઓએ બધાંને સમાચાર આપ્યાં કે તેમનાં પત્નીનું નિધન થયું છે. તેમ છ્ત્તા મન થી સહેજ પણ ભાંગ્યા વગર શોક ઉપર કાબુ રાખીને વિજય પ્રાપ્ત કરે છે. તેઓ જે દિવસે ઈંગ્લેંડ જવાના હતા તે દિવસે પણ તેઓ એક કેસ લડ્યા હતા. તેમને લંડન જવાની ઈચ્છા હતી, પરંતુ સ્થાયી થવાની કે ત્યાં જ વસી જવાની ઈચ્છા નહતી. ઈંગ્લેંડમાં તેઓ એ બેરિસ્ટર નો અભ્યાસ કર્યો, પરંતુ તેઓં ત્યાં સ્થાયી ન થયાં. તેમણે ત્યાં ત્રીસ મહિના ગાળ્યા હતા. ગુજરાત આવીને તેઓએ ફરી વકીલાત આરંભી દીધી હતી. ખેડા જીલ્લાના ખેડૂતોની લડત વખતે તેઓએ નિર્ણય લેવાનો થયો " વલ્લભભાઈએ પોતાની જાતને સમજાવી હશે કે મારી વકીલાત ધમધોકાર ચાલે છે અને મ્યુનિસિપાલિટીમાં પણ મારે હાથે ઘણું કામ થાય છે, પણ(ખેડા જીલ્લાના ખેડૂતોની લડત) આ બંને કરતાં વધારે મહત્વની છે, વકીલાત અને પૈસા તો આજે છે અને કાલે ન હોય; અથવા મારા વારસદાર પૈસા ઉડાવી દેશે. તેથી મારે તેમને માટે પૈસા કરતાં પણ વધારે મોટો વરસો મૂકી

[1] ગાંધી,રાજમોહન. (૧૯૯૪). *સરદાર પટેલ એક સમર્પિત જીવન*, ચોથી આવૃત્તિ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ. (પૃ.૭)

[2] એજન.પૃ.૧૯-૨૦


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

જવો જોઈએ."[3] સરદાર ધીમે ધીમે ગાંધીના વિચારોથી પ્રભાવિત થયાં હતા. વલ્લભભાઈ દૂરદર્શી વિચારસરણી ધરાવતાં હતા. સરદારના જીવનમાં ધીમે-ધીમે પરિવર્તન આવતું હતું. ચંપારણમાં ગાંધીજીના સહયોગી તરીકેની ભૂમિકા ભજવનારા રાજેન્દ્રપ્રસાદ અને કૃપલાણી બિહારથી ખેડા આવ્યાં હતા. કૃપલાણીણે ખુબ જ આશ્ચર્ય થતું હતું કે વિદેશમાં વકીલાતનો અભ્યાસ કરેલો વ્યક્તિ આજે સામાન્ય સ્વયં સેવકોની સાથે તેમનાં જેવું જીવન વ્યતીત કરી રહ્યો હતો. એક ખુબ જ રોમાંચક કાર્યક્રમ વિદેશી કાપડ હોળીનો ટીળકના નિર્માણ દિને ઉજવવામાં આવ્યો હતો. પરદેશીની જગ્યાએ દેશની કાંતણનું કપડું માણસો પહેરતા થાય. "વલ્લભભાઈ પોતાના સેનાપતિની બાજુએ અડીખમ ઊભા રહ્યા. બેરિસ્ટરના ઝબ્ભા, કોટ પટલુન, ખમીશ, ટાઈ, કોલર સમેત પોતાનાં તમામ કપડાં તેમણે બાળી મૂક્યાં."[4] આ ઘટના પછી ઘણો ફેરફાર થયો અને માણસોના મગજમાં ખાદી પ્રત્યેનો પ્રેમ વધ્યો હતો. વલ્લભભાઈ બધાને સાથે લઈને ચાલવાના આગ્રહી હતાં, આ ઘટના વિશેષ આંખે ઉડીને વળગે તેવી છે કાઠીયાવાડ રાજકીય પરિષદે અસ્પૃશ્યતા નાબુદીનો ઠરાવ વલ્લભભાઈની હાજરીમાં પસાર કર્યો. તેમણે જોયું કે કેટલાંક લોકો અલગ બેઠાં હતાં, વલ્લભભાઈ તેમની બેઠકેથી ઉભા થયાં અને તેમની પાસે જઈને બેસી ગયા. " વલ્લભભાઈને ભાષણ કરવાનું આવ્યું ત્યારે તેમણે અસ્પૃશ્યોના વિભાગમાં ઉભા રહીને ભાષણ કર્યું અને એ રીતે આ વિભાગ પરિષદનું કેન્દ્રસ્થાન બન્યો."[5] સમયનો પ્રવાહ સતત વહેતો રહ્યો, બોરસદની લડાઈ જીત્ય પછી તેઓ તેમની માતાને મળવા ગયા હતા." બારડોલી,સુરત, અમદાવાદમાં વિજયોત્સવો ઉજવાય.[...]આ પ્રસંગોએ તેમનાં વક્તવ્યોમાં મુખ્યત્વે ચાર સુર સાંભળવા મળે છે. પહેલું તો તેમણે પોતાનામાં કશી વિશિષ્ઠ શક્તિ હોવાનો ઇનકાર કર્યો, બીજું તેમણે હંમેશાં બીજાને યશ આપ્યો, પોતે ગાંધીજીના પટ્ટશિષ્ય છે અથવા અહિંસાના સર્વાંગી પૂજક છે તે વાત સ્વીકારવાની તેમણે ના પાડી."[6] સરદાર સતત સભાઓ,આંદોલનો, સમાજ હિતલક્ષી કાર્યોમાં સતત વ્યસ્ત રહેતાં હતા.

[3] એજન.પૃ.૪૬

[4] એજન.પૃ.૯૩

[5] એજન.પૃ.૧૧૦

[6] એજન.પૃ.૧૭૦

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
Published by Young India Publication, Gandhinagar, Gujarat

મહાત્માજીની સલાહને આધાર રાખીને સર્વાનુમતે વલ્લભભાઈની વરણી કરાઈ હતી. " કોંગ્રેસના ઇતિહાસમાં અભૂતપૂર્વ કહી શકાય તેટલાં ટૂંકા પ્રમુખના પ્રવચનની શરૂઆતમાં[7] વલ્લભભાઈએ પોતાને મળેલા માનનો ઉલ્લેખ કર્યો."કોઈ પણ હિન્દી આશા રાખી શકે તેવા સર્વોચ્ચ હોદ્દા માટે તમે એક સદા ખેડૂતની વરણી કરી છે."[8] સરદારના દીકરી પણ સત્યાગ્રહની લડાઈમાં જોડાઈ ગયા હતા અને એક વાર તો તેઓ પણ કસ્તુરબાની સાથે પકડાઈ ગયા હતા.અને જેલમાં જવાની પણ ફરજ પડી હતી. અંગ્રેજ સરકારે ગાંધીજી અને સરદારને અલગ પડવાનો પ્રયાસ પણ કરેલો પણ તેઓ સફળ થયેલા નહી. સરદારનું અન્ય સેવકો કે ક્રાંતિકારીઓ સાથે પ્રત્યાયનનું મુખ્ય સાધન પત્ર-વ્યવહાર હતો. વીઠ્ઠલભાઈ ના અવસાન પછી તેમને કરેલી વિલ ની પણ ઘણીવાર ઉલટ-તપાસ સરદાર દ્વારા કરવામાં આવી હતી. બોરસદ તાલુકામાં અમુક સમયે પ્લેગ ફેલાયો હતો, તેની જાણ થતા જ સરદાર પોતેર ત્યાં ગયા અને સ્થાનિક પ્રજાને વહેમ,અંધશ્રદ્ધા માંથી બહાર નીકળીને સ્વચ્છતા ઉપર ભાર મુકવાનું જણાવે છે. અને પોતે પણ દરરોજ પત્રિકાઓ ફેરવી અને ઘણાં ઘરો પણ ધોવડાવી નાખ્યાં હતાં. સરદારે ગુજરાતના ખેડૂતો માટે ખુબ જ કામ કર્યું, તેઓ તેમની આર્થિક સ્થિતિ અને સામાજિક સ્થિતિ માટે ખુબજ ચિંતિત રહેતાં. રાજકીય પક્ષોમાં તેમની કામગીરી વધી ગઈ હતી. એક વાર રાજાજીએ રાજીનામું અઆલ ધાર્યું તો સરદારે ચોક્ખાં શબ્દોમાં ચેતવણી આપી દીધી કે કેટલાયે સ્વયં-સેવકોને સર્વસ્વ બલિદાનના માર્ગે લઇ ગયા પછી તમે ફરી શકો નહી. રાજકોટના શાશન સામે બળવા વખતે પણ સરદારે ખુબ જ વ્યુહાત્મક ભૂમિકા નિભાવી હતી. " બારડોલીનો આશ્રમ અને આસપાસના બગીચા માટે વલ્લભભાઈને ઘણી મમતા હતી. બની શકે તેટલો વખત-ખાસ કરીને શિયાળામાં વલ્લભભાઈ ત્યાં આવીને અવારનવાર રહેતાં. બગીચામાં કેળા, કેરી, ચીકુ, લીચી અને ફણસનાં ઝાડ તથા ગુલાબ, બોગન્વેલીયા, ચંપા અને રાતરાણી જેવાં ફૂલઝાડો ઉછેરતા અને જાતે ક્યારાઓ કરતાં."[9] સરદાર વલ્લભભાઈને લોકો સાથે કામ પાડવાનો ખુબ જ અનુભવ હતો, તેઓ ખુબ જ કુનેહ પૂર્વક કામ પૂર્ણ કરતાં. સરદાર પટેલ

---

[7] એજન.પૃ.૨૦૬ (પરીખ,નરહરિ, 'સરદાર વલ્લભભાઈ પટેલ',(2),પૃ.૫૧)

[8] એજન.પૃ.૨૦૬ (પરીખ,નરહરિ, 'સરદાર વલ્લભભાઈ પટેલ',(2),પૃ.૫૧)

[9] એજન.પૃ.૨૯

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

કોઈનેપણ સાચું કહેતા સહેજ પણ અટકતા નહી. દરેકને સાચી વાતનું ભાન કરાવી દેતા. બ્રિટન એ વિશ્વયુદ્ધ, પોતના દેશની નબળી બનતી પરિસ્થિતિ વગેરે થી જજુમી રહ્યું હતું. અંગ્રેજો ધીમે-ધીમે ભારત છોડવાની તૈયારી કરી રહ્યાં હતા. આ અસર 'ભારત છોડો આંદોલન'ની હતી. સરદારે ખુબ જ સક્રિય રહીને તેમાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો. સરદારની માંદગી સામે તેઓ ગાંધીજીએ સુચવેલો પ્રાકૃતિક ઉપચાર કરતાં. નેહરુના વડાપ્રધાન પાછળ ગાંધીજીના મનમાં એક વાત એવી પણ હતી "જવાહરલાલને આજે ખસેડી શકાય તેમ નથી. અંગ્રેજો પાસેથી આપણે રાજ હાથમાં લેવાનું છે. જવાહરલાલ હેરો અને કેમ્બ્રિજમાં ભણ્યા છે, બેરિસ્ટર થયાં છે અને અંગ્રેજો જોડે વાટાઘાટો ચલાવવાવા માટે તેમની જરૂર છે."[...] મુસલમાનોનો એક વર્ગ જોડે જવાહરલાલનો ઘરોબો બંધાયેલો હતો. વલ્લભભાઈ આવી મૈત્રી બાંધવા માટે તૈયાર ન હતા."[10] અનેક લોકો એ આ નિર્ણયનો વિરોધ પણ કર્યો હતો. સરદારે પોતાનું નામ પાછુ ખેંચી આપીને દર્શાવ્યું કે પોતાને સત્તાનો કોઈ મોહ નથી. સરદાર દેશ પ્રત્યે ખુબ જ સમર્પિત હતો તેનો એક દાખલો નેહરુ વડાપ્રધાન બન્યાં પછી નો જોઈ શક્ય છે. "પાકિસ્તાનના ટેકેદારોને વલ્લભભાઈએ સ્પષ્ટ જણાવ્યું હતું કે " તમારે જે કરવું હોય તે શાંતિ અને પ્રેમની રીતે કરો, તો કદાચ તમને સફળતા મળશે. પણ તલવારનો જવાબ તો તલવારથી જ અપાશે."[11] ગાંધીજી અને સરદાર વચ્ચે આ સમયે પણ પત્ર-વ્યવહાર તો ચાલુ જ હતા. ગાંધીજી સરદારના ઉગ્ર ભાષણો અને જક્કી વલણ વિષે તેમની સાથે પત્ર વ્યવહારમાં વાત કરે છે. ત્યારે વલ્લભભાઈ ખોટી બાબતોને વખોડતા સામો જવાબ આપે છે. લીગ સાથેની સંયુક્ત સરકારના ઘણાં અનુભવો સરદારને થયાં હતા, તેનાથી તેઓ ત્રાસી ગયા હતા. સરદાર વલ્લભભાઈની દૂરદર્શી વિચારસરણી ધરાવતાં હતા. ગુપ્તચર ખાતાઓ એક વડો સર નોર્મન સ્મિથ સરદારને માહિતી આપે છે કે ભારતને બચાવવું હોય તો લીગ પ્રત્યે તેમને ઉદાર થવું જોઈએ અને તેમને વધુ આપવું જોઈએ, પરંતુ આ વાત સરદારને કાને પડતા જ તેઓ જણાવે છે કે સ્મિથ તમે હજી લીગને ઓળખતાં જ નથી. સરદારે હંમેશા ખુબ જ ધીરજ રાખી છે અને તેના ઘણાં સારા પરિણામો નો લાભ દેશને પ્રાપ્ત થયો છે.

[10] એજન.પૃ.૩૮૪ (તેંડુલકર ડી.જી.'મહાત્મા', (૮)માં 1-૬-'૪૭નું ગાંધીજીનું નિવેદન,પા.૩)

[11] એજન.પૃ.૩૯૮ (ટ્રાન્સફર ઓફ પાવર, (ટીઓપી) ૯માં સરદાર પટેલનો ઉલ્લેખ,પા.૧૮૧.)

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

દેશમ આંતરવિગ્રહ થવાની શક્યતાઓ ખુબ જ ઊંચા પ્રમાણમાં હતી. અમુક રજવાડાઓ પાકિસ્તાન સાથે ભળવાની યોજના બનાવી રહ્યા હતા, આ વિચારનો સરદારના મનમાં સ્ફોટ થતા તેઓ એ તરત જ મેનનને જણાવ્યું કે જો આમ થાય તો આપણી બધી જ મેહનત ઉપર પાણી ફરી જાય. દરેક રજાઓ તથા તેમનાં દીવાનોને સરદારે વારા-ફરતી મળવાનું ચાલુ કરી દીધું હતું. રજવાડાઓના એકીકરણ વખતે વર્ષો પછી ભારતના રજવાડાઓમાં એકતા જોવામાં આવી હતી. માત્ર કાશ્મીર,હૈદરાબાદ અને જુનાગઢ જ જોડાયા ન હતા. ૫૬2 રજવાડાઓને ભારતમાં જોડાવાનું કામ માત્ર સરદાર જ કરી શકશે તેવો અડગ  વિશ્વાસ ગાંધીજી ને હતો, સરદાર તેમનાં વિશ્વાસને સાચો પણ બનાવે છે. આ પ્રકારે સરદાર પટેલનું આ કાર્ય અવિસ્મરણીય છે.

## સરદારના જીવનની ઘટનાઓમાં નિહિત કર્તવ્યબોધ :

મનુષ્યના નાનપણમાં પડેલા સંસ્કારોની અસર સમગ્ર જીવન દરમ્યાન રહેતી હોય છે તે જાણીતું છે. સરદાર વલ્લભભાઈ પટેલના પારિવારિક સંસ્કારો ખુબ જ ઉજળા હતા. નાની ઉમરથી જ મુશ્કેલીઓ કે સંઘર્ષોથી તેઓ જરાયે હેરાન ન થતાં. નાની ઉમરમાં જ અપવાસ કરવાનો શરુ કરી દેવો એ ધીરજ, ધ્યેય અને ધર્મ પ્રત્યેની આસ્થા દર્શાવે છે. દેશની પ્રગતિ માટે વિજ્ઞાન અને સંસ્કૃતિમાં પણ શ્રદ્ધા હોવી જોઇશે. દેશ પ્રત્યે આપણે સમર્પિત હોવાં જોઈએ. ત્યાગ એ ઉત્તમ કર્તવ્યબોધ છે, જે દરેક નાગરિકમાં હોવો જરૂરી છે અને જે પોતે ભેગાં કરેલા પૈસા ત્યાં કરીને પોતાના મોટા ભાઈને વિદેશ જવા માટે અર્પિત કરી દે છે. દેશના નાગરિકોમાં આ ભાવ હોવો ખુબ જ જરૂરી છે. જેને જરૂર નથી તેણે વસ્તુઓનો સ્વેચ્છાએ જ ત્યાગ કરી દેવો ખુબ જ હિતાવહ છે. સરદારનો કર્તવ્યબોધ ખુબ જ ઉચ્ચ પ્રકારનો હતો, ચાલુ અદાલતે પોતાની પત્નીના અવસાનની ખબર પડવા છત્તા તેઓ રજા લઈને ઘરે નથી દોડી જતાં પરંતુ તેઓ પોતાની ફરજ પૂર્ણ કરે છે. આપણાં  માટે આ એક ખુબ જ મહત્વનો બોધ છે કે જયારે  પરિવાર અને દેશની પસંદગી કરવાની આવે ત્યારે આપણે  હંમેશા પરિવારની પસંદગી કરતાં હોઈએ છીએ, પરંતુ આપણે  આપણી સામે આ પ્રકારના ઉદાહરણો રાખવાં જોઈએ, અને દેશ માટેની ફરજને પ્રથમ રાખવી જોઈએ. આપણે આ ઘટના માંથી એ શીખવાનું છે કે દરેક નાગરિકે

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

ધ્યેયનિષ્ઠા, ધીરજ, નૈતિકતા, પ્રમાણિકતા આ પ્રમાણેના ગુણો કેળવવા જ જોઈએ, અને જીવનમાં ઉતારવા પણ જોઈએ. જીવનમાં કોઈ પણ પ્રકારનો સમયનો વ્યય કે ખોટી આળસ નહી પરંતુ સતત કર્યશીલ રહેવું એ તેમનાં જીવનની ખાસિયત હતી. દરેક વ્યક્તિમાં રાષ્ટ્રપ્રેમ હોવો એ ખુબ જ જરૂરી છે. વિદેશોના પ્રલોભનોથી આકર્ષીને દેશને ભૂલી ન જવો એ પણ એક ખુબ જ મહત્વની દેશસેવા છે. સરદારના જીવનમાં જોઈ શકાય છે કે તેઓ પૈસા કરતાં વારસાને વધારે મહત્વ આપે છે. વકીલાતની કે અન્ય હોદ્દાની લાલચને છોડીને સામાન્ય ખેડૂતોની લડાઈમાં તેઓ હાથ નાંખે છે. અહિયાં આ ઘટના માંથી આપણે ખુબ જ મહત્વનો બોધ પ્રાપ્ત કરી શકીએ છીએ. મોટા માણસ હોવું છત્તા સામાન્ય માણસની જેમ જીવન જીવવું, કોઈને નાનાપણું ન અનુભવાય તેવું વર્તન એક ઉત્તમ કર્તવ્ય છે. આંદોલનો દરમ્યાન તેમણે અનેક પ્રવૃત્તિઓમાં અંગ્રેજી કાયદાનો સરેઆમ ભંગ કર્યો હતો, તેમને ખબર હતી કે આનાથી મારી વકીલાતની ડીગ્રી ઉપર પ્રતિબંધ પણ લાગી શકે છે તેમ છત્તા તેઓએ આંદોલનો, સત્યાગ્રહો અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાવાનું ચાલુ જ રાખ્યું અને તેઓ કોઈપણ ભય રાખ્યા વગર દેશસેવા કાજે આંદોલનકારીઓ સાથે રહ્યા. સરદારે હંમેશા માટે સામાજિક પ્રવૃત્તિઓણે અગ્ર ક્રમે રાખી છે. દરેક નાગરિક માટે એ કર્તવ્યબોધ છે કે સ્વની જગ્યાએ સર્વની ભાવના લાવવી જોઈએ. આપણે દરેકને સાથે લઈને કામ કરવાની ભાવના વિકસાવવી જોઈએ. વિચારો કરતાં વધુ મહત્વ વર્તનને આપીને સમાજના હિતમાં કાર્ય કરવું જોઈએ. જે આપણને સરદારના જીવનમાંથી બોધ પ્રાપ્ત થાય છે. કોઈપણ સામાજિક કાર્ય કોઈ લાભ હેતુ નહી, પરંતુ બધાના સુખ માટે કરાવનું આપણને સરદારની ઘણી પ્રવૃતિઓમાં જોવા મળે છે. ગમે તેટલું મોટું પદ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થવા છત્તા તેઓ પોતાની જાતને સાવ સામાન્ય ખેડૂતનો પુત્ર જ ગણાવે છે. સરદાર વલ્લભભાઈ પટેલમાં પોતે ભાષણમાં પણ ખુબ જ સરળ શબ્દોનો પ્રયોગ કરીને એક ઉચ્ચ દેશ પ્રત્યે સેવાની ભાવના પ્રદર્શિત કરે છે. ખુબ જ સરળ રીતે લોકોને મનને આકર્ષિત કરીને એક સાચા સમાજસેવક અને મુખીયાની ભૂમિકા કઈ રીતે નિભાવવી જોઈએ તે આપણને સરદારના જીવનમાંથી શીખવા મળે છે. સરદાર પટેલ ખુબ જ સુક્ષ્મ અવલોકન કરી શકતા હતા. ભારત દેશના દરેક નાગરિકની એ ફરજ છે કે તેમણે રાષ્ટ્રને સમર્પિત થઈને દેશ-સેવા કરવી જોઈએ, અહી સરહદે લડવા જવાનું નથી પણ પોતે જે કાર્ય સમાજમાં કરી

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
Published by Young India Publication, Gandhinagar, Gujarat

રહ્યા છે તેને સંપૂર્ણ નિષ્ઠા પૂર્વક કરવું એ પણ દેશ-સેવા જ છે. નડિયાદના જુના સાથી ફૂલચંદ બાપુજી શાહ નામના જુના સાથીદારના મૃત્યુ વખતે તેમનાં પરિવારજનો બધા જ ગેરહાજર રહેવાથી સરદારે સગાંઓની વ્યર્થતાની એક કડી ટાંકી છે.

*'કોનાં છોરું ને કોનાં વાછરું ?*
*કોનાં મા ને કોના બાપ ?*
*અંતકાળે જાવું એકલા,*
*સાથે પુણ્ય ને પાપ.'*[12]

પરિવાર પ્રત્યેનો અતિ મોહ પણ ન હોવો જોઈએ,એ મહત્વની શીખ આપણને સરદાર દ્વારા પ્રાપ્ત થાય છે. હર-હંમેશને માટે તેઓએ જન-સામાન્યની ચિંતા કરી છે. આપણે દરેકને લક્ષ્યમાં લઈને કામ કરવું જોઈએ.

આપણે હંમેશા અન્યને આજ્ઞા કરતાં પહેલાં પોતે પણ તે કામ માથે ઉપાડી લેવું જોઈએ. કોઈ પણ કામને નાનું-મોટું ગણ્યા વગર જ કામ કરવા પૂરી ધગસ થી લાગીને કામ કરવું જોઈએ. તેઓ એ હંમેશા કોઈપણ કામને  નાનું નથી ગણ્યું. બીજાને સલાહ આપવાની જગ્યાએ દરેક જગ્યાએ તેઓ પોતે જ સાથે ઉભા રહીને કામ કરાવ્યું છે. તેમનાં જીવનનો સૌથી મોટો કર્તાવ્યબોધ આપણને ત્યારે થાય છે જયારે તેઓ વડાપ્રધાનની ઉમેદવારીમાંથી પોતાનું નામ પાછુ ખેંચી લે છે. આ તેમનાં જીવનનો સૌથી મોટો ત્યાગ હતો. સરદાર પટેલનો દેશપ્રેમ એટલો હતો હતો કે તેઓ રાષ્ટ્રની અખંડિતતા બાબતે સહેજ પણ ઓછુ ચલાવી લેવા તૈયાર ન હતા. દરેક નાગરિકે દેશના વિકાસ માટે, રાષ્ટ્રના ઉજ્જવળ ભાવી માટે જો કઈ કરવું હોય તો સૌ-પ્રથમ પોતાનામાં રાષ્ટ્ર-ભાવનાનો વિકાસ કરવો ખુબ જ અનિવાર્ય છે. સરદારનો એક અન્ય વિશિષ્ઠ ગુણ કડવું સત્ય કહેવું એ પણ હતો. સરદાર સત્યને પ્રકાશિત કરીને આકરા સ્વભાવ વાળા વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થયાં હતા. આપણે દેશના વિકાસ માટે સૌ પ્રથમ તો મગજમાં ધ્યેય સ્પષ્ટ બનાવવું પડશે, રાષ્ટ્ર પ્રથમ આ ભાવના લઈને દરેક કાર્ય કરવું પડશે. નાનામાં નાના માણસથી લઈને મોટામ મોટા માણસ

[12] એજન.પૃ.૨૪૨ (નાન્દુરકર જી.એમ.,(સંપા.), 'સરદારશ્રી કે પત્ર', (2)માં ૩૦-૪-'૩૪નો પત્ર,પા. ૩૫૨-૪.)

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

સુધી દરેકે પૂર્ણ ધ્યેય નિષ્ઠા સાથે સરદારના જીવન જેવી નૈતિકતા અને જીવન મુલ્યોને પોતાનામાં સમાવીણે રાષ્ટ્રની પ્રગતિમાં પ્રદાન આપવું જોઈએ. સરદાર દેસી-રજવાડાઓનું એકીકરણ કરીને અખંડ ભારતમાં ભેળવી દે છે તે ખુબ જ મહત્વનો બોધ આપણને પૂરો પાડે છે. અશક્ય લગતા કામને ધીરજ, ખંત અને ખુબ જ કુનેહ પૂર્વક વલ્લભભાઈ પૂરું પડે છે. જીવનમાં દરેક નાગરિકે ક્યારેય પણ કામથી ગભરાઈને ભાગી જવાની જગ્યાએ તેનો સામનો કરીને કાર્યને સફળ બનાવવું જોઈએ. "પોતે માત્ર અંગત સુખ માટે જીવશે કે દેશને ખાતર જીવશે તેવા હરેક માણસની સામે ઊભા થતા બે વિકલ્પમાંથી તેમણે આ માર્ગ પસંદ કર્યો અને રાષ્ટ્રને પસંદગી આપી."[13]

સરદારના જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવી હતી. ક્યાર્ય પણ તેમની માટે પરિસ્થતિ સામાન્ય રહી ન હતી છત્તા દરેક વખતે તેમને ત્યાગ, તપસ્યા અને સંયમનો રસ્તો અપનાવીને જીવનની દરેક પરીસ્થીતીમાંથી ધૈર્ય પૂર્વક રસ્તો કાઢીને સફળતા પ્રાપ્ત કરી અને દેશ માટે ખુબ જ મહત્વનું પ્રદાન આપ્યું છે. વ્યવહારિક ઉદાહરણો જોઈએ તો સૌ પ્રથમ તો રાજનેતાએ કર્તવ્ય બોધ લેવાનો છે કે સામાજિક જવાબદારીઓનું નિર્વહન કઈ રીતે કરવું જોઈએ. ડોક્ટર,શિક્ષક,વ્યાપારી, સમાજ સેવક દરેકે દરેક નાગરિકે પોતાનો વ્યવસાય રાષ્ટ્ર નિર્માણના ભાગ રૂપે જ છે એમ સમજીને નૈતિકતા, પ્રમાણિકતા વગેરે નૈતિક મુલ્યોને ધ્યાને લઈને જ નિર્વાહ ન કરવું જોઈએ.આપણા દરેકની ફરજ બને છે કે સરદારના જીવનમાં નિહિત ચારિત્રિક મુલ્યો, સંસ્કૃતિક મુલ્યો અને સામજિક મુલ્યોને આપણે પણ આપણા જીવનમાં ઉતારીએ. નાનકડી જવાબદારીમાંથી પણ અપને છટકી જવા હંમેશા માટે પ્રયાસ કરતાં હોઈએ છીએ તેની જગ્યાએ સંપૂર્ણ પણે સભાનતાથી તે જવાબદારીનું નિર્વહન કરીએ.

[13] અબુલ કલામ આઝાદની જાહેર સભામાં ટીકા. હિન્દુસ્તાન ટાઈમ્સ, ૧૬-૧૨-'૫૦ માં ઉલ્લેખ.

VOICE OF UNITY: Sardar Vallabhbhai Patel and The Making of Modern India
Edited By Dr. Ashish Paatiwala & Ms.Shital Koisa
ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
*Published by Young India Publication, Gandhinagar, Gujarat*

**સંદર્ભ :**

ગાંધી,રાજમોહન.(૧૯૯૪). *સરદાર પટેલ એક સમર્પિત જીવન*, ચોથી આવૃત્તિ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.

પ્રભાકર, વિષ્ણુ.(૨૦૨૨). *સરદાર વલ્લભભાઈ પટેલ*, પ્રથમ આવૃત્તિ. નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી.

અગ્રવાલ,મીના.(૨૦૨૪).*સરદાર પટેલ*. પ્રથમ આવૃત્તિ. ડાયમંડ બુક્સ. દિલ્હી.

પુરાણીક રજનીકાંત.અનુ.કૌશલ જેલમ.(૨૦૨૧). *સરદાર પટેલ*. પ્રથમ આવૃત્તિ, આર . આર શેઠની કંપની. અમદાવાદ.


ISBN: 978-81-991164-9-8 DOI: https://doi.org/10.64328/978-81-991164-9-8-20
Published by Young India Publication, Gandhinagar, Gujarat